# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર સેક્ટર-૧૦ બી જુના સચિવાલય પાસે ગાંધીનગર

## નવા શૈક્ષણિક સત્ર-૨૦૨૨ થી નવી માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાઓની મંજુરી અંગે અગત્યની જાહેરાત

નવા શૈક્ષણિક સત્ર-૨૦૨૨થી કાયમી ધોરણે ગ્રાન્ટ નહીં લેવાની શરતવાળી (નોન ગ્રાન્ટેડ) નવી બિન અનુદાનિત માધ્યમિક (ધો-૯) અને ઉચ્ચતર માધ્યમિક (ધો-૧૧) શાળાઓ (સામાન્ય પ્રવાહ અથવા વિજ્ઞાન પ્રવાહ) શરૂ કરવા સ્થાનિક રીતે રચાયેલ/નોંધાયેલ મંડળો પાસેથી અરજીઓ મંગાવવામાં આવે છે.

આ માટે તા. ૦૧-૦૧-૨૦૨૨ના સાંજના ૪.૦૦ વાગ્યાથી તા. ૨૮-૦૨-૨૦૨૨ રાત્રિના ૧૨.૦૦ કલાક સુધી વેબસાઇટ nsa.gseb.org પરથી ઓનલાઇન અરજી પત્રક ઉપલબ્ધ રહેશે. ઓનલાઇન અરજી કરવા માટે જરૂરી આવશ્યક આધારો અંગેની સૂચના ધ્યાનપૂર્વક વાંચી ઓનલાઇન અરજી સાથે જરૂરી તમામ આધાર-પુરાવાનું સ્કેનીંગ કરાવી અરજી સાથે ઓનલાઇન બિડાણ તરીકે ફરજીયાત જોડવાનું (Upload) રહેશે.

ઓનલાઇન દરખાસ્ત કરવા માટે ઓનલાઇન રજીસ્ટ્રેશન કરવાનું રહેશે રજીસ્ટ્રેશન કર્યેથી ઈ-મેલ પર મળેલા આઇ.ડી અને પાસવર્ડ મારફતે લોગીન કરીને ઓનલાઇન **SBI E-pay Payment System** મારફતે રૂા. ૨૦,૦૦૦/- ની અરજી ફી ભરીને ઓનલાઇન દરખાસ્ત માટેની અરજી કરી શકાશે. આ દરખાસ્ત ફી કોઈ પણ સંજોગોમાં પરત મળવાપાત્ર રહેશે નહીં.

ઓનલાઇન અરજીના આધારે નવી શાળા મંજુરી અંગે બોર્ડનો નિર્ણય શાળામંડળ વતી ઓનલાઇન અરજી કરનાર સંચાલક મંડળને પત્ર દ્વારા જણાવવામાં આવશે. મંજુર/નામંજુરની વિગતો Web Site ઉપર મુકવામાં આવશે. જે શાળાને મંજુરી મળે તે શાળા મંડળે મંજુરીપત્રમાં જણાવેલ સમય મર્યાદામાં બાકીની શાળા નોંધણીની ફી રૂા. ૨૦,૦૦૦/- (વીસ હજાર રૂપિયા)ની રકમ બોર્ડના SBI ખાતામાં ચલણની નકલ અને અન્ય આધારો સહિતની દરખાસ્ત સબંધિત જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી મારફત ઓનલાઇન ભલામણ સહિત બોર્ડની કચેરીને મળેથી શાળા નોંધણી કરવાની કાર્યવાહી કરવામાં આવશે. બોર્ડની કચેરીમાં કોઈપણ જાતના આધારો મોકલવાના રહેશે નહીં. ફક્ત online આધારો ધ્યાને લઈ મંજુરી આપવાની પ્રક્રિયા કરવામાં આવશે.

**નોંધઃ- બોર્ડની વેબસાઇટ gseb.org ઉપર નવી શાળા મંજુરી માટેની આવશ્યક સૂચનાઓ ધ્યાને લઈ Online અરજી માટેની પ્રક્રિયા કરવાની રહેશે.**

**સ્થળઃ- ગાંધીનગર**
**તા. ૨૨-૧૨-૨૦૨૧**

**સહી/-**
**(ડી.એસ. પટેલ)**
**સચિવ**
**ગુજરાત માધ્યમિક અને**
**ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ**
**ગાંધીનગર**

**માહિતી/૧૭૪૧/૨૧-૨૨**